હરિઃૐ



# દૈવાસુર સંગ્રામ

(અનુભવ-પ્રસંગો)

-પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# દૈવાસુર સંગ્રામ

## (અનુભવ-પ્રસંગો)



પૂજ્ય શ્રીમોટા

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : ટ્રસ્ટીમંડળ,
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

❑ © હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ

❑ આવૃત્તિ વર્ષ પ્રત

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૨૦૦૧ | ૫૦૦૦ |
| બીજી | ૨૦૦૬ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૫ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૩૭

❑ કિંમત : **રૂ. ૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**

❑ ડિઝાઈનર : **મયૂર જાની** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, મો. : ૦૯૩૨૭૦ ૩૬૪૧૪

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

જીવનના દરેક તબક્કે પ્રેમપૂર્વક
પૂજ્ય શ્રીમોટાને પરમ સખા, માર્ગદર્શક
અને શ્રીસદ્‌ગુરુ સ્વરૂપે સાથે રાખીને
ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરનારા
આદરણીય સદ્‌ગત

**શ્રી સુરેશભાઈ સંત**

તથા તેમના ધર્મપત્ની

**શ્રીમતી માધવીબહેન સુરેશભાઈ સંતને**

ચરણે આદરપૂર્વક અર્પણ.

તા. ૧૨-૧૧-૨૦૧૫
નૂતન વર્ષ, સં. ૨૦૭૨
કારતક સુદ એકમ

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## પ્રથમ આવૃત્તિ

પૂજ્ય શ્રીમોટાએ બ્રહ્મચર્ય સાધનાના પ્રસંગોનું વર્ણન કરેલું. એ ટેપ ઉપર રૅકૉર્ડ થયેલું. ટેપ ઉપર રેકૉર્ડ થયેલી એ વાણી અમને શ્રી રજનીભાઈ બર્માવાલાએ ઉતારી આપી હતી. એ વાણી સંપાદિત થઈને 'હરિભાવ'માં પ્રગટ થયેલી હતી. એની અલગ પુસ્તિકા પ્રગટ કરવાની માગણી આવતાં, આ પ્રકારની સાધના અંગેનું પૂરક લખાણ એમાં સામેલ કરીને આ પુસ્તિકા પ્રગટ કરી છે. એમાં રજૂ થયેલો પહેલો પ્રસંગ 'પૂજ્ય શ્રીમોટાઃ જીવન અને કાર્ય'માંથી લીધો છે.

શ્રી રમેશ ભટ્ટે પૂજ્ય શ્રીમોટાની આ પુસ્તિકામાં પ્રગટ થયેલા અનુભવ અંગે ભૂમિકારૂપે લખ્યું છે, એ પણ આવી ઘટનાને સ્વીકારવામાં સહાયરૂપ બનશે.

પૂજ્ય શ્રીમોટાના ચાહકો આ પુસ્તિકામાં વર્ણવાયેલા અનુભવને યથાર્થભાવે આવકારશે એવી અમને શ્રદ્ધા છે.

તા. ૨૬-૧૦-૨૦૦૧ (વિજયા દશમી)

**ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃ ૐ ॥

# રહસ્યમય પ્રક્રિયા

પૂજ્ય શ્રીમોટાએ જીવનને ફળીભૂત થવા દેવા માટે, તાત્પર્ય કે પરમાત્માનો અનુભવ પામવા માટે કઠોર સાધના કરી છે. એવી સાધનાના કેટલાક તબક્કાઓનું વર્ણન તેઓશ્રીએ નિમિત્તયોગે કરેલું છે અને પ્રગટ પણ થયેલું છે. એ ઉપરાંત, સાધનાના બીજા અનેક પ્રકારો તથા તબક્કાઓ છે એનું વર્ણન તેઓશ્રીએ કરેલું નહિ, કેમ કે એવા પ્રકારની સાધનાને યથાર્થરૂપે સ્વીકારાય કે સમજાય એવી ભૂમિકા હાલના સમાજના માનસમાં નથી.

આમ છતાં નિમિત્ત જાગતાં તેઓશ્રીને યોગ્ય લાગ્યું તેવું અને તેટલા પ્રમાણનું પોતાનાથી થયેલી ગુપ્ત સાધના અંગેનું વર્ણન પણ કરેલું. એમાં બ્રહ્મચર્યની સાધના પરિપક્વ થવા માટે કરેલી સાધના વિશે તેઓશ્રીએ જે વર્ણન કર્યું છે એ જાણવું અને એના હાર્દને સમજવું જરૂરી છે. આથી, આ પ્રકારની સાધનામાં કેવાં વિઘ્નો, મુશ્કેલીઓ આવે તથા સદ્‌ગુરુની સહાય પ્રાપ્ત થતાં કેવાં પરિણામો અનુભવાય છે એની આપણને પ્રતીતિ થાય.

જીવનની અખંડતા અને પરિપૂર્ણતાના નિશ્ચિત ધ્યેયને અનુભવવા માટેના હેતુને હૃદયમાં સ્પષ્ટ અને દૃઢ કરીને તેઓશ્રીથી સાધના થયેલી. જુદાં જુદાં સાધનોથી એમની સાધના દિવસ-રાત ચાલતી. દિવસ દરમિયાન પ્રાપ્ત કર્મને નિરહંકાર ભાવે આચરતાં (પ્રભુપ્રીત્યર્થે) અને રાત્રે સ્મશાનવાસ કરીને પોતાને સમય સમય પર સહજ પ્રાપ્ત થતાં સાધનોનો અભ્યાસ કરતા.

સાધના દરમિયાન જુદી જુદી વૃત્તિઓના હુમલા થાય એને ભક્તિભાવથી નિવારવાનો પુરુષાર્થ થતો. આવી વૃત્તિઓમાં અત્યંત વેગીલી અને બળવાન કામવાસનાને શાંત કરવાના પ્રથમ સાધન તરીકે તેઓશ્રીએ જે પ્રયોગ કરેલો એનું વર્ણન શરૂઆતનાં પાનાં

ઉપર છે. એ પ્રયોગથી કામવાસના શાંત પડી હતી. પૂર્વકર્મના તથા વાતાવરણમાં રહેલા સંસ્કારોરૂપે વિચારો તથા વૃત્તિઓ ચિત્તમાં પડેલાં હોય છે. અને સાંયોગિક પરિસ્થિતિ પ્રાપ્ત થતાં એ જાગે છે. સાધના દરમિયાન પૂજ્ય શ્રીમોટાની નિરંતર જાગૃતિ હોવા છતાં શાંતભાવે પડેલા સંસ્કારો કેવી રીતે સાધક ઉપર હુમલો કરે છે, એ પ્રસંગનું વર્ણન શ્રીમોટાએ કર્યું છે.

કામવાસનાના એકાએક થયેલા હુમલા વખતે તેઓશ્રીના ચિત્તની એકાગ્ર-શાંત અવસ્થા અને સાથે સાથે કામવાસનાનો આવેગ એ બંને વચ્ચે એક પ્રકારનો આંતરિક જબ્બર સૂક્ષ્મ સંગ્રામ નિપજાવે છે. આ સંગ્રામને પૂજ્ય શ્રીમોટાએ દૈવાસુર સંગ્રામ તરીકે ઓળખાવ્યો. દેવત્વની શુદ્ધ અવસ્થાને પીંખવા મથતી આસુરી- એટલે કે વિરોધી વૃત્તિ સામે અડગ રહીને એને ખાળવાના આંતરિક પુરુષાર્થનો આ સંગ્રામ સાધક સિવાય અન્ય કોઈ પૂરેપૂરો સમજી શકે નહિ. આથી, આ પ્રસંગના વર્ણનનું મૂલ્ય પૂજ્ય શ્રીમોટાની સાધનાવસ્થાના સંદર્ભમાં જ સમજવાનું છે. આપણી જીવદશાની કક્ષામાં એ આવી ન જાય એ માટે વાચક તરીકે આપણે સાવધ રહેવાનું છે.

પૂજ્ય શ્રીમોટા હરદ્વારના કુંભમેળામાં સદ્‌ગુરુની પ્રત્યક્ષ સહાય માટે ગયા અને બધી હકીકત સદ્‌ગુરુને જણાવી અને તેઓશ્રીએ જે વિધિ કરી - એ બધી જ હકીકત ઘણી ગહન છે. વળી, એ જ રાત્રે ગંગામાતાના પ્રવાહમાં ઊભા રહીને જે સાધનનો અભ્યાસ કરવાનું સૂચવાયું, એ દરમિયાન દેવીઓરૂપે જે શક્તિઓ પ્રગટ થઈ અને પૂજ્ય શ્રીમોટા સાથે જે ચેષ્ટાઓ થઈ એ અત્યંત રહસ્યમય છે. સાધકના વિકાસમાં એને અમુક અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યાર પછી પણ અણધારી રીતે કેવા પ્રકારનો સંસ્કાર ઉદય થઈને એને અસ્વસ્થ

કરવા મથે છે એ બધું જો કોઈ શ્રેયાર્થી વિચારે અને સમજે તો એનાથી જીવનમાં એક ક્ષણ માટે પણ ગાફેલ ન રહેવાય. પૂજ્ય શ્રીમોટાએ આ સમગ્ર ઘટનાનું વિગતથી વર્ણન કર્યું છે. એનું તાત્પર્ય તો સાધનામાર્ગે પળેલા શ્રેયાર્થીને અખંડ જાગૃત રહેવા ચેતવવાનું જ હોઈ શકે.

• • •

બીજી બાબત ઇંદ્રિયના ઑપરેશન અંગે છે. પહેલો અનુભવ પૂજ્ય શ્રીમોટાની સાધના દરમિયાન બનેલો છે. જ્યારે આ બનાવ ૧૯૩૯માં પરમાત્માના સાક્ષાત્કાર - અનુભવ પછીનો છે. આ સમયફેરને વાચકોએ ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે. આવું ઑપરેશન થાય એવા વિચારની પાછળ પોતાના સંપર્કમાં આવનારો સમાજ પૂજ્ય શ્રીમોટા વિશે કશો અન્યથા વિચાર ન સેવે એવો હતો. પૂજ્ય શ્રીમોટાના આવા વિચારભાવ પાછળ સંપર્કમાં આવનારનું કલ્યાણ જ સૂચવાયું છે, કેમ કે અનુભવી પુરુષોના દિવ્યકર્મનું સૂક્ષ્મ વિજ્ઞાન એવું છે કે જો સંપર્કમાં આવનાર વ્યક્તિ અનુભવી પુરુષ વિશે હીન કે નકારાત્મક કે શંકામૂલક વિચારો સેવે તો, અનુભવી પુરુષ પોતે એવા વિચાર સ્વીકારતો ન હોવાથી તથા કશું સંઘરતો ન હોવાથી, એ બધું જ-વૃત્તિ-વલણ ફરીને એવું વિચારનાર વ્યક્તિઓને નુકસાન પહોંચાડે છે.

ઉપરાંત, સદ્‌ગુરુએ લાક્ષણિક રીતે પૂજ્ય શ્રીમોટાનું ઑપરેશન કર્યું એનું વર્ણન અત્યંત ગૂઢ અને રહસ્યમય છે. એને એ જ રીતે સ્વીકારીને કશા પણ અર્થઘટનમાં ઊતરવાની જરૂર નથી. આધ્યાત્મિક ઉચ્ચોચ્ચ કક્ષામાં આવી ઘટનાઓ પણ શક્ય છે એ શ્રેયાર્થીએ સ્વીકારવું જ રહ્યું.

• • •

પૂજ્ય શ્રીમોટાને આયુષ્યનાં અંતિમ વર્ષોમાં પ્રોસ્ટેટ ગ્લેન્ડ વૃદ્ધિ પામેલી. પૌરુષગ્રંથિ મોટી થતાં પેશાબમાં અવરોધ તથા અત્યંત પીડા થાય છે અને વાઢકાપથી જ એને નિવારી શકાય છે. પૂજ્ય શ્રીમોટાએ એને માટે ઑપરેશન કરાવવાનો સતત ઇન્કાર કરેલો અને આ પીડાને સાક્ષીભાવે વેદતા હતા. અનુભવીનું આવું વલણ જીવદશાવાળાએ મૂલવવું ન જોઈએ. પૂજ્ય શ્રીમોટાએ કહેલું કે આવી વેદનાકારી અવસ્થા એ તો ભગવાનની ભેટ છે. એ ભેટને કચરી નંખાય નહિ. પૂજ્ય શ્રીમોટાનું આ માર્મિક વચન હતું. આ જ ગ્રંથિને લીધે પેશાબ સંપૂર્ણ અટકી ગયેલો. સ્વૈચ્છિક દેહત્યાગ પૂર્વે કૅથેટર મૂકીને પેશાબ બહાર કાઢવામાં આવેલો. દેહત્યાગ પૂર્વે શરીર ઉપરનાં બધાં જ સ્થૂળ ઉપકરણો - કંઠી, ચશ્માં વગેરે દૂર કરાયાં છતાં કૅથેટર દૂર કરવાનો તેઓશ્રીએ ઇન્કાર કરેલો અને એને ‘જીવનસંગિની’ તરીકે ઓળખાવી હતી. આ હકીકત પણ યૌગિક પ્રક્રિયામાં ગૂઢ તેમ જ રહસ્યમય છે.

આ પુસ્તિકામાંની આવી રહસ્યમય પ્રક્રિયા પરમાત્માની પ્રગટ અને પ્રત્યક્ષ પ્રતીતિ માટે છે અને આપણા સૌમાં ભક્તિભાવ પ્રગટાવવા અને વધારવા માટે છે એવી દૃષ્ટિ આપણા માટે કલ્યાણકારક ગણાય.

તા. ૨૬-૧૦-૨૦૦૧ **-રમેશ ભટ્ટ**

(વિજયા દશમી)

॥ હરિઃૐ ॥

# નિવેદન (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પરમ પદની પ્રાપ્તિ અર્થે જુદા જુદા સમયે વિવિધ પ્રકારનાં સાધન દ્વારા જે સાધના કરી, તે પૈકી કેટલીક આધારભૂત માહિતી પૂજ્યશ્રીનાં પ્રકાશિત ગદ્યપદ્ય સાહિત્યમાં ઉપલબ્ધ છે. તેમાં અતિકઠિન સાધના કામવૃત્તિ ઉપરના વિજયની છે, તે માટે પૂજ્યશ્રીએ જે કઠણ સાધના કરી હતી તેની થોડીક વિગતો તેઓશ્રીએ સ્વકલમે-સ્વમુખે સ્વજનો સમક્ષ ખુલ્લી રીતે વ્યક્ત કરી છે. આ સાધનાને તેઓશ્રીએ ‘દૈવાસુર સંગ્રામ’ કહ્યો છે.

આવા ‘દૈવાસુર સંગ્રામ’ની પ્રાપ્ત વિગતોનું સંકલન શ્રી રમેશભાઈ ભટ્ટ દ્વારા થતાં સને ૨૦૦૧માં તેની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન કરાયું હતું. હાલમાં તેની પ્રતો અપ્રાપ્ય છે અને સ્વજનો તરફથી તેની માગણી થતી હોવાથી, આ પુસ્તિકાની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન ધન્યતાની લાગણીસહ અમો કરીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અગાઉની આવૃત્તિઓની જેમ આ નવી આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી આશા અને શ્રદ્ધા છે.

તા. ૧૨-૧૧-૨૦૧૫ **ટ્રસ્ટીમંડળ,**
નૂતન વર્ષ, સં. ૨૦૭૨ હરિઃૐ આશ્રમ, સુરત
કારતક સુદ એકમ

॥ હરિઃૐ ॥

## અનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | બ્રહ્મચર્યની સાધના | ૧૩ |
| ૨. | દૈવાસુર સંગ્રામ | ૧૬ |
| ૩. | અદ્‌ભુત અનુભવ | ૨૭ |
| ૪. | પ્રભુકૃપાની પ્રસાદી | ૩૦ |

# દૈવાસુર સંગ્રામ

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આવૃત્તિ, પૃ.૩૮૨

# ૧. બ્રહ્મચર્યની સાધના

કોઈક અનુભવીએ કહ્યું કે બ્રહ્મચર્યને પરિપક્વ થવાને માટે કે બ્રહ્મચર્યનું યથાયોગ્યપણે પાલન થાય, સ્વાભાવિક થઈ જાય એને માટે અમુક પ્રકારની સાધનાની જરૂર છે. હૃદયમાં હૃદયથી ભાવ જ્યારે પ્રગટે છે ત્યારે બધી જ પ્રાકૃતિક હકીકતો ગૌણ બની જાય છે. આપણા દિલમાં ભાવ જ્યારે ચેતનવંતો પ્રગટે છે ત્યારે પ્રાણની, પ્રકૃતિની નિમ્ન હકીકતો, વિષયો બધા ગૌણ બની જાય છે. એ હકીકત હોવા છતાં એક એવા સાધનાના અનુભવી મહાપુરુષે સૂચવ્યું કે 'તું ચૈત્ર માસમાં કોઈ ખરેખરા એકાંત સ્થળે જઈને, પર્વતની એકાંત જગાએ જ્યાં જળાશય હોય ત્યાં શિલા ઉપર ખરેખરા તડકામાં બેસીને આ સાધના તું કર, અને તારા દિલમાં ભાવના તો છે એટલે તને તે સાધનાથી જે લાભ મળશે તે તો અનોખો હશે. એ તને અનુભવથી સમજાશે.'

એટલે તે સૂચન સ્વીકારી લીધું અને કોઈક જગાએ, ખાસ કરીને યાદ છે ત્યાં સુધી નર્મદા માતાનો જ પ્રદેશ હતો, ત્યાં ભરબપોરે અગિયાર વાગ્યાથી એક તપેલી શિલા ઉપર બેસી જતો અને બેસવાની જગાથી ત્રણ ફૂટ આગળ દોઢ ફૂટ ઊંચી અને બે ફૂટ પહોળી એવી ૨૧ છાણાંની ધૂણી. તે પછી બીજા ત્રણ ફૂટ દૂર એવી બીજી ૨૧ છાણાંની ધૂણી અને તે પછીના બીજા ત્રણ ફૂટના અંતરે ત્રીજી ૨૧ છાણાંની ૨૧ ધૂણીઓ ગોળાકારે બનાવેલી. એવી ૬૩ ધૂણીઓ ધિકાવીને બેસતો. ઉનાળાનો- ચૈત્ર માસનો-પ્રખર તાપ અને શિલા ઉપર નગ્ન શરીરે બેસવાનું અને તે લગભગ પાંચ-સાડાપાંચ કલાક સુધી-

સાંજે પાંચ વાગતાં સુધી-બેસી રહેતો. એ કાળ ભાવાવસ્થા, ધ્યાનાવસ્થામાં આપમેળે જતો. ભજનકીર્તન કરતો ત્યારે ભાવાવસ્થા થઈ જતી.

આ શરીરમાં પણ જે અનેક પ્રકારનો મળ છે અને જેમ એ મળશુદ્ધિ સાધના માટે અનિવાર્ય છે તેમ શરીરનાં અનેક કરણોની શુદ્ધિની-ચિત્તની શુદ્ધિ, પ્રાણની શુદ્ધિ, સંકલ્પની શુદ્ધિ-આ બધી શુદ્ધિઓની સાધનામાં જેમ અનિવાર્યતા છે એવી રીતે આ શરીરના રોમેરોમની મળશુદ્ધિ થવી જરૂરી છે. અને એ મળ આ પરસેવા વાટે જ નીકળી શકે. શરીરમાંથી પરસેવો નીકળે છે એ કુદરતે આપણા શરીરમાં મૂકેલી પ્રક્રિયા આપણા શરીરની યથાયોગ્યતા જાળવવાને માટે જ મૂકેલી છે. એનું ભાન આપણા લોકોને બહુ ઓછામાં ઓછું છે. આજે એક એવા પ્રકારનો કાળ પ્રગટ્યો છે કે જ્યારે પવન વગર માણસોને ચેન પડતું નથી. ખાસ કરીને શહેરોની અંદર વાતાનુકૂલિત જગાએ, પંખાઓ ફરતા અને શરીરને અનેક પ્રકારની વાયુની લહેરો વચ્ચે એવી રીતે રહેવાનું જે જે લોકોને પસંદ પડી ગયું છે, એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત નથી. ભલે આજે એ સાચી હકીકત લોકો માનતા ન હોય. તેમને ગળે આ હકીકત કદાપિ ઊતરી નહિ શકે, પણ શરીરમાંથી પરસેવો નીકળે અથવા તો શરીરનો પરસેવો જેટલો વધારેમાં વધારે નીકળે એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત છે.

આવી રીતે નગ્નાવસ્થામાં તપેલી શિલા ઉપર, આગળ-પાછળ ૬૩ ધૂણીઓ ધીકતી હોય એની વચ્ચે પાંચછ કલાક સુધી બેસી રહેવાનું થતું. તેથી, શરીરમાંથી પરસેવો ઘણો બધો નીકળતો. તેને એમ માનતો કે આ પણ એક પ્રકારનો

મળ શરીરમાંથી નીકળી જાય છે, એવી દૃઢ સમજણ હતી અને એ ગાળાની અંદર પણ સખત તાપની વચ્ચે ચિત્તની અવસ્થા તો ભાવનામાં જ રહ્યા કરતી. સતત પ્રાર્થના, ભજન, સ્મરણ, ધ્યાન એ બધામાં લીન રહેતો. અને ભજન ગાતાં ગાતાં જે ભાવાવસ્થા થઈ જતી એ કેટલાય વખત સુધી ચાલ્યા કરતી.

એ પૂરી થયા પછી એવી વ્યવસ્થા કરેલી કે બે માણસો લીમડાનાં કૂણાં કૂણાં જે પાન હોય તે બધાં વાટીને એક માણસ એક વાટકામાં કાઢી લાવે અને બીજો માણસ બીજા વાટકામાં કાઢી લાવે અને એમને એ માટેના પૈસા આપતો અને પછી એ ધૂણીમાંથી બહાર નીકળીને બે રૂમાલથી આખું શરીર લૂછતો. ત્યારે તે દિવસોમાં સ્નાન કરતો નહિ અને પેલો લીમડાનો રસ ધીરે ધીરે, સીપ કરતો, જરા જરા પીતો, જાણે કે ખાતા હોઈએ એમ વારાફરતી એ પીતો અને પૂરો કરતો. એ જ ખોરાક અને એ જ પાણી. એ ૨૮ દિવસની સાધનામાં કદી બીજો ખોરાક લીધો નથી. પાણી પણ પીધું નથી. બ્રહ્મચર્યના પાલન અર્થે બહુ ઉત્તમમાં ઉત્તમ સાધનાની રીત છે.

સાધના આમ જ થઈ શકે, એમાં વિધિનિષેધ છે નહિ. ભગવાન પરત્વેનો એકધારો ચેતનવંતો જીવતોજાગતો એકનિષ્ઠ-ભાવ પ્રગટે એ જ મોટામાં મોટી હકીકત છે. એ ભાવ જો આપણા દિલમાં પ્રગટેલો જીવતો રહ્યા કરે તો બીજા કોઈ સાધનની જરૂર પણ નથી અને એ ભાવ કેળવવાને માટે અથવા તો ચેતનવંતો આપમેળે સતત વહ્યા જ કરે એ માટે અનેક જુદા જુદા પ્રકારની સાધનાનો આશરો લીધેલો છે.

● ● ●

# ૨. દૈવાસુર સંગ્રામ

૧૯૨૨માં (વસંતપંચમી) સાધનાની શરૂઆત થઈ. આમ તેમ ચારેક વર્ષ થઈ ગયાં. પછી તો એક એવી ભયંકર વાસના Passion ઊપજી કે જેની તમને કોઈને કલ્પના નહિ આવે. એટલી બધી Passion (વાસના) કે કોઈ સુમાર નહિ. મારું ધ્યાન-બ્યાન બીજું બધું બહુ સરસ થતું. એકાગ્રતા સરસ થતી. એક બાજુ આ ચાલ્યા કરે અને બીજી બાજુ આ બધું. એટલે મને થયું કે આ બે કેવી રીતે હોય ? આ તો દંભ કહેવાય. એક બાજુ મારી એકાગ્રતા એટલી બધી સુંદર થાય કે ભજન ગાતાં ગાતાં મને ભાવાવસ્થા પણ આવી જાય. આ બે વસ્તુનો મેળ કેવી રીતે ખાય ? મેં બહુ વિચાર કર્યો. બહુ બુદ્ધિ ચલાવું. પણ એનો કોઈ ઉકેલ ન શોધી શકું. અમારા (નડિયાદમાં) સ્મશાનમાં કુંભનાથમાં તળાવ છે. ત્યાં આટલા (કેડ ઉપરના) પાણીમાં આખી રાત ઊભો રહું-આખી રા...ત ! અને ભજન બોલ્યા કરું. અને આખા દિવસના વખતમાં ઇંદ્રિયના ભાગ ઉપર ભીનાં પોતાં મૂક્યા કરું અને વારેઘડીએ બદલ્યા કરું. ટાઢા પાણીએ ન્હાઉં, થોડામાં થોડું એક જ વખત ખાઉં. તેલ-ઘી બધું છોડ્યું, મરચાં છોડી દીધેલાં, મીઠું છોડી દીધેલું. તોપણ પત્તો ખાય નહિ. તે તો એકદમ એટલું બધું વધે કે સુમાર વગરની વાત.

મને થયું કે હવે ગુરુમહારાજની પાસે ગયા સિવાય ચાલશે નહિ. એટલામાં હરદ્વારમાં કુંભમેળો ભરાવાનો હતો. આ સાલ ભરાયેલો જ છે. એ ૧૯૨૬ની સાલ હતી. મેં વિચાર્યું કે આ બાળયોગી મહારાજને ખોળવા ક્યાં ? ગુરુમહારાજ (ધૂણીવાળા દાદા કેશવાનંદજી) તો કંઈ જવાબ આપે એવા ન હતા. નાગા

અવધૂત, પણ આ બાળયોગી મને જવાબ આપે. તો સાધુઓનું પિયર કુંભમેળો ! એટલે હું તો કુંભમેળામાં ગયો. લાંબી વાત છે પણ (આજે તો) ટૂંકાવી દઉં છું પછી કાલે-બાલે ફરીથી લંબાણ કરીશું. પણ જે મારે મૂળ કહેવું છે તે એ કે આ જે એટલી બધી વાસનાનું પૂર આવેલું-પૂર કરતાંય પ્રચંડ પૂર કહેવાય-ભયંકર પૂર-આપણે તાપી નદીમાં આવ્યું હતું એના કરતાંય ભયંકર પૂર. એની સામે મારાં ભજનકીર્તન, પ્રાર્થનાધ્યાન એ બધું ચાલતું. મેં સાધનો નહિ મૂકી દીધેલાં, પણ આ બે પ્રવાહો આવે-અને મને ત્યારે કશી ખબર નહિ-હું કાંઈ જાણું કરું નહિ. આપણે શાસ્ત્ર કંઈ વાંચેલા નહિ-ગરીબીમાં જન્મેલા. એટલે કથાવાર્તા પણ કંઈ સાંભળેલી નહિ કે જેને ગીતામાં કહેલો છે તે દૈવાસુર છે. દેવ અને અસુર બંનેનો સંગ્રામ. બંને સાથે સાથે અને સંગ્રામ જામે. તે બે સાથે હોય ત્યારે સંગ્રામ જામેને ? એક હોય તો કેવી રીતે સંગ્રામ થાય ? એમાંથી આપણને વિજય મળે ત્યારે ખરું ! આ દૈવાસુર સંગ્રામ છે એની મને એ વખતે તો કંઈ ખબર નહિ. એટલે આપણને થયું કે હવે તો આપણે જવું જ જોઈએ !

સાધુઓનું પિયર કુંભમેળો. એટલે મને થયું કે અવિનાશ મહારાજ (બાળયોગી) ત્યાં મળશે. એટલે પછી હું કુંભમેળામાં ગયો. પણ જતાં જતાં (રસ્તામાં) તો મારું ખિસ્સું કપાઈ ગયું. કુંભમેળામાં અમારા નડિયાદના એક ભાઈ-પરભુલાલ મામા-ગયા હતા. મારી મા નડિયાદમાં એટલે નડિયાદના હોય તે બધાને મામા જ કહીએ. આમ તો બહુ આઘેનાં સગાં થતાં હતાં. એટલે એમના ઘેરથી મને રૂપિયા આપ્યા કે આટલા રૂપિયા તમે એમને આપી દેજોને ! પહેલાં તો મેં ના પાડી કે ભઈ, મારું કંઈ ઠેકાણું હોતું નથી અને પૈસા-બૈસા ચોરાઈ જાય તો હું કેવી રીતે

આપી શકું ? વળી, ગરીબ માણસનું કોઈ માને નહિ. એ તો એવો જ અર્થ કરે કે એને પૈસા પડાવી લેવા હશે. એટલે આ ચોરાઈ ગયાની કે ગજવું કપાઈ ગયાની વાત કરે છે. મારી માએ મને ઠપકો આપીને કહ્યું કે 'મે.... ર, મારા રડ્યાં' એટલું તારાથી કોઈનું સાચવીને લઈ જવાતું નથી ? કોઈનું આટલુંય કામ તારાથી થતું નથી ?' એટલે પછી લીધા, પણ મારું ગજવું કપાઈ ગયું અને તે બધા પૈસા ગયા. મારાયે ગયા અને એમનાયે ગયા.

કુંભમેળામાં ખાવા કરવાની તો ચિંતા જ નહિ. અઢળક ખાવાનું મળ્યા કરે. માલપૂઆ, દૂધપાક અને જલેબી અને એ...ઈ આમ લાઈનબંધ ઊભા રહો અને તમને મળ્યા કરે. જેટલી વખત ખાવું હોય તેટલી વખત ખાઓ. એટલે ખાવાની તો પંચાત નહિ. સસ્તા સાહિત્યવાળા સ્વામી અખંડાનંદ હતા. તેમની સાથે મારે બહુ પરિચય થયેલો. તેમનો ત્યાં મુકામ હતો. તેઓ રસ્તામાં મળી ગયા. કહે કે 'અલ્યા ચૂનીલાલ, તું અહીં ક્યાંથી ?' મેં કહ્યું, 'આવી રીતે રખડતો રખડતો આવ્યો છું. કોઈ ઠામઠેકાણું રહેવાનું નથી !' એટલે કહે, 'ચાલ મારી સાથે.' મને એમણે કહ્યું કે 'આ તારી જગ્યા.' જગ્યા એટલે સૂઈ રહેવા જેટલી બે ફૂટ જગ્યા આપી. મેં કહ્યું 'અત્યારે તો હું એક સાધુને ખોળવા આવ્યો છું.' એમણે પૂછ્યું, 'કોણ છે એ સાધુ ?' મેં જણાવ્યું, 'બાળયોગી અવિનાશ મહારાજ છે, એટલે કહે 'કયા ? દસ જાતના સાધુ કહેવાય, ગિરિ-ફલાણા-તો આ કયા છે ?' મેં કહ્યું કે, 'એ તો હું કાંઈ જાણતો નથી.' એટલે કહે કે, 'તો તો મળવા મુસીબત. એમ ભાળ-બાળ લાગે નહિ.' મેં કહ્યું, 'ભલે હું તો રખડીશ.' મારો સામાન ત્યાં મૂક્યો અને રખડ્યો. ચાર દિવસ સુધી ભૂખ્યો અને તરસ્યો રખડ્યો.

મનમાં પ્રાર્થના કરું કે હે પ્રભુ ! તમે હવે દર્શન આપો-ભેગા થઈ જાઓ. કેટલી બધી મુશ્કેલી-ગૂંચ છે. તેથી, તમારી પાસે આવ્યો છું. તમને મળવાનો કેટકેટલો તલસાટ મને છે. ભૂખ્યો અને તરસ્યો રખડ્યા કરું છું. તો હે પ્રભુ, હવે દર્શન આપો. ખુલ્લા થાઓ !

ક્યાં પડ્યા હશે એની આપણને શી ખબર ! હવે કયા ગિરિ કહેવાય-ફલાણા કહેવાય-એ બધું જાણું નહિ. એમના ગુરુ કેશવાનંદ ધૂણીવાળા દાદા કહેવાય છે એમના એ શિષ્ય છે એમ ઘણે ઠેકાણે પૂછ્યા કરું પણ પત્તો ખાય નહિ. પછી એક ઠેકાણે જતાં જતાં મારી આમ નજર પડી તો તો સામે જ દેખાયા. ઓ બાપ રે બાપ ! હું તો ત્યાં જઈને પગે લાગ્યો-સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને એમના પગ પકડીને રડ્યો-ઓ રડ્યો. પછી કહે, 'સાલા, હું તો તને અહીંથી જતાં ઘણીવાર જોતો હતો.' મેં કહ્યું કે 'તો મને બોલાવ્યો હોત તો ?' તો કહે ના બોલાવાય. જ્યાં સુધી તું મારી સામું ના જુએ ત્યાં સુધી બધું નકામું. હું તારી સામે જોઉં તે ખપમાં ના લાગે. તું જ્યારે સામું જુએ એટલે કે Responsive અને Receptive એ બંને જોઈએ-સાથે સાથે. એ ના હોય ત્યાં સુધી કંઈ પત્તો ખાય નહિ. તું મારી સામે જુએ નહિ ત્યાં સુધી બધું નકામું.' પણ ત્યારે તો આપણને સમજણ નહિ પડેલી આ વાક્યમાં. આજે મને સમજણ પડે છે કે એની વાત તો સાચી હતી.

હું તો એમને ઘણું બોલ્યો કે પ્રભુ, તમને આટલી દયા ના આવી કે ચાર ચાર દિવસથી હું રખડ્યા કરતો હતો. તમને ખોળવાને વ્યથિત થઈ ગયેલો. તમે મને જોતા હતા તેમ છતાં તમે મને બોલાવ્યો નહિ. ત્યારે તો મને મનમાં બહુ દુઃખ થયેલું કે મારા બેટા આ સાધુ લોકો તો ઘાતકી છે. એક બાજુ તો હું

તેમની પાસે શીખવા ગયેલો. તો મારા મનમાં તેમના માટે કેટલો આદર અને ભક્તિ જોઈએ. અને (તેમ હોય) તો જ આપણને (વિદ્યા) મળે કે એમ ને એમ મળે ? આ મારી બુદ્ધિ તો ખોટી રીતે વિચારતી હતી, પણ ત્યારે મને એમ નહિ લાગેલું. પછી તેઓ મને કહે કે જા તું ગંગાજીમાં નાહી આવ. મા (ગંગા)ને પગે લાગીને નાહજે-પ્રાર્થના કરીને. આપણે તો પગે લાગ્યા. કહ્યા પ્રમાણે કરવાની-વર્તવાની ટેવ તો પહેલેથી ખરી.

પ્રાર્થના કરીને (ગંગામાં) નાહ્યો. પછી બે ઘડી બેસીને ભગવાનનું ભજન કર્યું. એટલે બુદ્ધિ જરા ઠરી. પેલો જે ઊભરો હતો તે શમ્યો-ઠર્યો. મેં વિચાર્યું કે આ ગુરુમહારાજ પરત્વેનું મારું વર્તન બરાબર ન હતું. એમણે મને કેમ બોલાવ્યો નહિ એનો ખુલાસો તો એમણે આપી દીધો કે જ્યાં સુધી તું મારી સામું જુએ નહિ ત્યાં સુધી બધું નકામું. હવે, મને એ સામે દેખાય નહિ તો હું કેવી રીતે તેમની સામે જોઉં ? પણ હું અહીં એમની પાસે શીખવા આવ્યો છું - મારી મુશ્કેલીનો ઉકેલ કાઢવા આવ્યો છું. એટલે તેમના પ્રત્યે મારામાં આદર કે ભક્તિ નહિ હોય તો એ કેવી રીતે ચાલે ? એટલે હું ત્યારે મારા પોતાના મનને કહેવા લાગ્યો કે આ તારું વર્તન બરાબર નથી. પછી તો હું સમજ્યો. એટલે પછી પાછો જઈને રડ્યો અને કહ્યું કે પ્રભુ માફ કરજો. મારી આ ઉદ્ધતાઈ, ઉચ્છૃંખલતા માફ કરજો. એટલે કહે કે 'તું કેમ આવ્યો છે તે બધું હું જાણું છું !' 'પણ જો જાણો છો તો પ્રભુ ! રખડાવ્યો શું કરવા ?' તો કહે, 'તપશ્ચર્યા તો કરવી જ પડે !'

આ તો મથામણ (ગણાય). જાતે મર્યા સિવાય સ્વર્ગે ના જવાય. પછી કહે તું આ આવ્યો તે સારું થયું. હવે, હું તને બધાં

સાધન બતાવું. તે પ્રમાણે તું કર. આ આપણી ડૂંટી (નાભિ) છે, એનાથી ચાર આંગળ નીચે એનું કેંદ્ર છે. એ કેંદ્ર ઉપર એકાગ્રતા કરવાની. ચિત્તને આપણે જ્યાં ખસેડવું હોય ત્યાં ખસેડાય એવી શક્તિ આપણામાં જ્યારે આવી જાય ત્યારે આવાં સાધન થાય. એમ ને એમ ના થાય. એટલે ડૂંટીથી ચાર આંગળ નીચે જ્યાં એનું કેંદ્ર છે - એટલે જ્યાં આપણી ઇંદ્રિય છે તેનાથી સહેજ થોડુંક ઊંચે, ત્યાં એનું કેંદ્ર છે. એ કેંદ્ર ઉપર એકાગ્રતા કરીને પ્રાર્થના કરવાની. એ બધું એમણે મને શિખવાડેલું પણ ખરું. (પણ તમને) કહેવું નિરર્થક છે. સુખડના તેલથી એના ઉપર અમુક આકારો કરવાના. એ પ્રમાણે લગભગ છસાત દિવસ મેં સાધના કરી. મેં એ સાધના કરી ત્યારે એટલો બધો મશગૂલ - એટલો બધો ભાવાવસ્થામાં આવી ગયેલો કે કોઈ બાહ્યભાન મને નહિ રહેલું અને પાછું બધું જાહેરમાં. કુંભમેળા વખતે એટલા બધા - અસંખ્ય - માણસો હોય - (છતાં) હું ત્યાં બેસી રહેલો અને જાહેરમાં. ખુલ્લો થઈને આ બધું વિધિપૂર્વક કરતો ત્યારે મને કોઈ જાતનો સંકોચ-બંકોચ કાંઈ મળે નહિ. અને સાત દિવસ થયા પછી પેલું બધું તો અદૃશ્ય થઈ ગયું. જે હેતુ માટે આવ્યો હતો એ તો (ફળ્યો હોય એમ) લાગ્યું. અને આ જે વાસનાના પ્રચંડ પૂર ચઢેલાં એ તો બધાં વિલીન થઈ ગયાં.

પછી મને થયું કે આ તો અદ્ભુત કામ થયું. પછી પાછો એક વિચાર મને આવ્યો કે હવે સાલું, આ પરિપક્વ થયું કે નહિ એની શી ખાતરી ? આપણને ખાતરી થવી જોઈએ. પરિપક્વ થાય ત્યારે આપણને ખાતરી થવી જોઈએ. પછી તો સાત દિવસ થઈ ગયા અને અંતે આ વિચાર આવ્યો. એટલે ગુરુમહારાજ પાસે આવ્યો.

પગે લાગ્યો. (તેઓ કહે) હવે આ તને આવડ્યું. આ તારી સિદ્ધિ થઈ છે ! હવે તારે ખાતરી કરવી છેને ? (મેં હા કહી) કારણ કે મને (મારા) ગુરુ મહારાજ કહે કે પ્રયોગ સિવાય કંઈ નહિ. કારણ કે આમાંથી ગમે તે પરિસ્થિતિ આવે - ગમે તેવી કામના જાગે - વાસના જાગે એવી પરિસ્થિતિ - સંજોગો (હોય) તેમ છતાં એ જાગે નહિ ત્યારે ખરું કહેવાય. એટલે એ કહે કે 'એ તો ગુરુમહારાજના હાથની વાત છે. આ કંઈ મારા હાથની વાત નહિ.'

હું તો ત્યાં એમની પાસે બે દિવસ રહ્યો. બીજી સેવા કરી. એ પગ-બગ તો દાબવા ના દે. કપડાં-બપડાં ધોવાનાં હતાં તે ધોઉં. ખાસ હતાં નહિ. થોડાંક હોય તે ધોઈ નાખું. કંઈ ખાવાનું કહે તો લઈ આવું. પૈસા તો મારી પાસે મળે નહિ. એટલે ભંડારામાંથી લઈ આવું. એક માટીનું શકોરું વેચાતું લીધેલું. રોજ તાજું જ (શકોરું) લઉં. કારણ કે એક વખત જેનામાં રાંધેલું અનાજ આવી ગયું પછી એ ચાલે નહિ - સાધુ લોકો એને ગંગાજીમાં નાખી દે. બીજી વખત બીજું નવું લઈ આવું. એક વખત લઈ આવું. પૂછી લઉં કે શું લાવું ? કહે 'જો મિલે સો લાઓ.' તો કોઈક વખત જલેબી લાવું, પેંડા લાવું, કળીના લાડવા લાવું, માલપૂઆ લઈ આવું. કોઈક વખત માલપૂઆ અને દૂધપાક લાવું - તો દૂધપાક તો પેલા કૂંડામાં લાવું અને માલપૂઆ હાથ ધોઈને હાથમાં લાવું. એમનો પ્રસાદ લાવવાનો હોય ત્યારે હંમેશાં નાહીને જ જઉં.

●●●

પછી એક દિવસ જ્યારે હું, ગંગાને કિનારે બેઠેલો અને ગંગામાતાની પ્રાર્થના કરતો હતો ત્યારે ગંગા ઉપર મને પહેલેથી બહુ ભાવ-આદર. નર્મદા ઉપર અને ગંગા ઉપર મેં કાવ્યો લખ્યાં

છે. **'નર્મદાપદે'**, **'ગંગાચરણે'** છપાયેલાં છે. અને ત્યારે કાવ્યમાં તો નહિ પણ હું એ ગંગામૈયાને-પ્રાર્થના કરતો ગાતો હતો ખરો. ગંગા ઉપર મને બહુ જ આદરભાવ. એક બહુ મોટા ભક્ત અને જ્ઞાની થઈ ગયા - કાલિદાસ એ કવિ કહેવાય છે. એ ભક્ત નહિ કહેવાય, જ્ઞાની નહિ કહેવાય, પણ જગન્નાથ કવિ થઈ ગયા, તે તો ભક્ત હતા. તે કવિ જગન્નાથે 'ગંગા' ઉપર લખ્યું છે. એનું નામ 'ગંગાલહરી'. એનું નિમિત્ત એવા પ્રકારનું થયું કે એણે જ્ઞાતિમાં લગ્ન નહિ કરેલાં. એટલે એને જ્ઞાતિબહાર મૂકેલો. એટલે એણે બધાંને કહ્યું કે આ બરાબર નથી, ભાઈ ! તમે મને જ્ઞાતિમાં લઈ લો. તો કહે એક શરતે - એણે પોતે જ કહ્યું. જગન્નાથે કહ્યું કે જુઓ આ ગંગાને કિનારે હું બેસું છું. આટલાં પગથિયાં છે. અને હું ગંગાની પ્રાર્થના કરું છું - સ્તુતિ કરું છું. અને એક શ્લોક થાય એટલે ગંગામાતા એક પગથિયું ચડશે અને પૂરાં થઈ જશે એટલે પછી છેક સુધી ગંગાજી ઉપર આવશે. એ થાય તો તમે મને જ્ઞાતિમાં લો. બધાંએ એ કબૂલ કર્યું અને પોતે બેસે છે. 'ગંગાલહરી' સંસ્કૃતમાં લખાયેલ છે. એ બહુ પ્રખ્યાત ગણાય છે. ત્યારે મને એ પણ વિચાર આવેલો કે ક્યાં જગન્નાથ અને ક્યાં (હું) મામૂલી માણસ ! તો મેં કહ્યું ગમે તે હોય, આપણે તો હૃદયના ઉદ્‌ગાર છે તે કાઢવાના છે. એ ઉપરથી નંદુભાઈની સાથે એક હિમાલયની જાત્રામાં ગયેલો ત્યારે મેં આ **'ગંગાચરણે'** લખેલું, અને અનંતરાય રાવળ - આપણા ગુજરાતી સાહિત્યના બહુ પ્રખર વિવેચક અને બહુ જાણીતા માણસ - બહુ આગળ વધેલા - તેમણે એની ('ગંગાચરણે'ની) પ્રસ્તાવના લખેલી અને એવું જ **'નર્મદાપદે'** લખ્યું છે. આ બે નદીઓ માટે મને બહુ આદર.

● ● ●

જ્યાં હું, ગંગામાતાની પ્રાર્થના કરું છું ત્યાં બે જુવાનજોધ સંન્યાસીઓ (બહેનો) - ભગવાં કપડાં - વસ્ત્ર પહેરીને આવ્યાં. (મારી) પાસે આવવા લાગ્યાં અને એ પણ કશુંક ગાય. તે શું ગાતાં હતાં અને કઈ ભાષામાં ગાતાં હતાં તે મને સમજણ નહિ પડેલી. આજે પણ સમજણ નથી પડી, પણ કંઈક ગાતાં હતાં. કંઈક ભજન ગાતાં હશે. એમ કરતાં છેક પાસે આવ્યાં. એક આ બાજુથી આમ અને એક બીજી બાજુથી આમ - પાસે પાસે આવ્યાં.

....અને પછી એ મારા શરીરને અડવા લાગ્યાં. આ તે કરવા લાગ્યાં. પછી તો એમનાં સ્તન મને અડાડે અને એવું બધું ચાલે. એ પછી એક સંન્યાસિની બહેને તો મારી ઈંદ્રિય પકડી અને જાહેરમાં સાહેબ ! આમ કોઈક ખાનગી ઠેકાણે નહિ ! એટલે મેં કહ્યું કે સાલું, માન ન માન આ કોઈ સામાન્ય માણસ નથી લાગતા. ત્યારે મારી બુદ્ધિ તો ચાલેને ! કે માનો ના માનો પણ સામાન્ય માણસની આ તાકાત નથી. ગમે તે હોય પણ આ સાલું કેમ થાય છે ? શાથી થાય છે ? એ ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ઈંદ્રિય ટટ્ટાર થઈ નહિ. એટલે પેલી બીજી બહેન કહે કે આ તો સાલો નપુંસક છે ! મેં કહ્યું કે ભઈ નપુંસક નહિ, આ તો ગુરુમહારાજની વિદ્યા છે. નપુંસક નથી. તો તારે જોવું છે ? એમ કહીને મેં મારો સંયમ હતો- એ સંયમને સહેજ ઢીલો કરીને ભગવાનને પ્રાર્થના કરી કે 'આને સાચું બતાવ !' તે પછી એ પણ એને બતાવ્યું, પણ એના પૂરતા પ્રમાણમાં નહિ, નીકર નહિતર પંચાત પડી જાય. પછી મેં તો પ્રાર્થના કરી. એમને પગે લાગ્યો કે 'પ્રભુ ! તમે કેમ પધાર્યા છો ? આ બધાનું કારણ શું છે ? આ બધી લીલાનું કારણ શું છે ?'

એટલે એ કહે, સાલા, તને ખબર નથી ? એમણે મને બેચાર ચોપડાવી દીધી. કહે, તેં પ્રાર્થના નહિ કરેલી ? હું તો ભૂલી

ગયેલો. એટલે મેં પૂછ્યું, શી પ્રાર્થના ? મેં કંઈ પ્રાર્થના કરી નથી ! એટલે કહે શું વાત કરે છે તું ? પાછી મને બેચાર ચોપડાવી દીધી. એક બહેને તો મને માર્યો-મને ધોલ મારી દીધી. હું પગે લાગ્યો. એ બહેનોનાં કપડાં એમનાં રૂપ જોઈએ તો સાહેબ, છકી જઈએ. મને સાલું કશું યાદ ના આવે. પછી જેણે મને માર્યો હતો તેણે નહિ પણ બીજી બહેન કહે કે તું ભૂલી ગયો ? ગુરુમહારાજે તને આ વિદ્યા શિખવાડી, ત્યારે તારા મનમાં એમ થયેલું કે આની ખાતરી શી ? આ સિદ્ધ થયું કે નહિ ? એમ તને થયેલું કે નહિ ? એટલે મેં કહ્યું કે હા એવું થયું હતું. અને ગુરુમહારાજ કહે કે તારે પ્રયોગ જોઈએ છેને ? ખાતરી કરવી છે ? મેં કહ્યું હા, એમ પણ મેં કહેલું. એટલે એ કહે કે અમને ગુરુમહારાજે મોકલેલા, તપાસ કરવા-તારી ખાતરી કરવા. હું એમને પગે લાગ્યો. ભગવાનની કેટલી મોટી કૃપા કે એ પછીથી બેચાર બનાવ બનેલા. ત્યાં નહિ, હરિદ્વારમાં કુંભમેળા વખતે નહિ, પણ કુંભમેળા પછી બેચાર સાધુઓનાં દર્શન કરવાનું મને કહેલું.

એ બાળયોગી મહારાજ તો ત્યાંથી ખસેલા નહિ. એ તો ત્યાં આસન ઉપર બેઠેલા તે બેઠેલા જ ! આસન કદી છોડતા નહિ. હું ત્યાં હતો તેટલા દિવસ તો હું તેમને માટે ખાવાનું લઈ આવતો. પણ પછી તો એક વખત મેં એમને કહ્યું કે પ્રભુ ! તમે આ બધું ખાવ છો-પીઓ છો અને તમે જાજરૂ તો જતા નથી, હું આ બે કૂંડાં તે માટે લાવ્યો છું. તે તમારે જવું હોય તો આ કૂંડાંમાં કરી લો. હું આઘે જઈને જ્યાં બધાં જઈને જાજરૂ કરે છે ત્યાં જઈને નાખી આવીશ-સાફ કરી દઈશ અને કૂંડાં ગંગામાતામાં નાખી દઈશ. પછી બીજું નવું કૂંડું લઈ આવીશ. પેશાબ કરવો હોય તો કરો ! પણ એ તો કહે કે કંઈ જરૂરિયાત નથી, એ તો સબ ભસ્મ હો જાતા હૈ. કયો અગ્નિ એમણે કહ્યો ? વડવાનલ અગ્નિ ? વડવાનલ

બોલેલા, વૈશ્વાનર નહિ. વૈશ્વાનર તો આપણે ગીતામાં આવે છે. 'અહં વૈશ્વાનરો ભૂત્વા' એમ કરીને આવે છે, પણ અહીં વૈશ્વાનર નહિ બોલેલા. મને બરોબર યાદ છે-વડવાનલ ! એ તો એમ કહે કે સબ ભસ્મ હો જાતા હૈ. તે પછી એમણે મને કેટલાક મહાત્માઓનાં દર્શન કરવા કહેલું. તે હું દર્શન તો કરી આવેલો. આના અનુસંધાનમાં મને આ સાધના શિખવાડેલી.

• • •

*આવું જ્યારે બન્યું ત્યારે મારા ગુરુમહારાજે મને તેના કારણ અંગેની એક વાત કહી હતી. તેઓએ કહેલું કે તું જ્યારે ઘણો નાનો હતો. ઘોડિયામાં ઊંઘતો હતો તે વખતે તારા ઘરમાં અન્ય કોઈ ન હોવાથી કામાતુર એવા બે જણ-એક સ્ત્રી અને એક પુરુષ-સંભોગ કરતાં હતાં. તે અરસામાં તારા જાગી જવાથી તને સૂતેલો રાખવા માટે પેલી સ્ત્રીએ ઘોડિયાની દોરી વડે તેમની એ ક્રિયા દરમિયાન તને હીંચકો નાખેલો. વળી, મને કહેલું કે ખાતરી કરવી હોય તો તારી બાને આ અંગે પૂછી જોજે. મને એના સંસ્કાર પડેલા.*

*તે પછી મનમાં ઘણા ખચકાટ સાથે જેમ તેમ કરીને મારી બાને આ અંગે મેં પૂછેલું. મારી બાએ મને કહેલું કે એક વખત તને ઘોડિયામાં ઊંઘાડીને હું કૂવેથી પાણી ભરવા માટે ગઈ હતી. જ્યારે હું પાછી આવી ત્યારે આપણા ઘરના ખૂણામાંથી એક સ્ત્રી અને પુરુષ બહાર નીકળ્યાં હતાં. તે વખતે તેઓને મેં કહેલું કે આ રીતે અમારા જેવા ગરીબના ઘરમાં તમારે આવવું નહિ.*

*આ વાત ઉપરથી મારા ગુરુમહારાજે મને કહેલા પ્રસંગની ખાતરી થયેલી.*★

(★પૂજ્ય શ્રીમોટા પાસેથી સાંભળેલી હકીકત છે.)

• • •

# ૩. અદ્ભુત અનુભવ

હેમંતભાઈ અને હું એક જ ક્ષેત્રમાં-હરિજનસેવામાં-કામ કરતા હતા. આ ચૂનીલાલ ભગત કંઈક ગડમથલ કરે છે એટલું જ એ બધા જાણે. પરીક્ષિતલાલ એમ સમજે. ઠક્કરબાપાય એમ જ સમજે પણ એનું ચોક્કસપણું કોઈ જાણે નહિ. પછી- ૧૯૩૮ની સાલ પછી-આ બધાંની સાથે કુટુંબોમાં મારે હળવાભળવાનું થયું. એ પછી આ બધાં મને સાધનાને માટે વળગેલા-આ નંદુભાઈ અને બીજા બધાં.

ત્યારે પછી મને એમ થયું કે સાલું આ કુટુંબોમાં ભળવું હોય તો આ સાલી ઇંદ્રિયની પંચાત છે. એનું નસ્તર જ કરાવી દઈએ તો કેવું ? આમ તો મને ખાતરી હતી કે હવે આમાં કંઈ કશું છે નહિ. એવી એણે સાધના કરાવી દીધેલી. બિલકુલ નિષ્ક્રિય લાગે. ગમે તેટલો પ્રયત્ન કરીએ તોપણ થાય જ નહિ. કોક વખત કોકને દેખાડો કરાવવા-સમજાવવા કરવાને એમ થાય. પેલા સંન્યાસીઓને જ્યારે થયેલું કે નપુંસક છે ત્યારે સહેજ એનો આકાર બદલાયેલો. તે પણ ભગવાનની કૃપાથી. આપણાથી કંઈ એ પ્રમાણે થાય નહિ. એ તો એની કૃપાથી થાય. ત્યારે મને એમ થયું કે નસ્તર મુકાવી દઈએ. એટલે એ માટે હું કરાંચી જાઉં. હું ઘણીવાર કરાંચી જતો. ત્યાં મારા મિત્ર બાપુ છે. મારી સાધના દરમિયાન જ્યારે હું એક મહિનાની રજાઓ લઈને જંગલોમાં ચાલ્યો જતો ત્યારે બધો ખર્ચ મને એ જ મોકલી આપતા. તારથી પૈસા મોકલી આપે. ત્યારે મને થયું કે હવે ત્યાં કરાંચી જઈને જ નસ્તર મુકાવીએ. પૈસાદાર માણસ છે એટલે આપણને બધી સગવડ તે આપશે. એ સિંધિયા સ્ટીમ નેવીગેશનના મૅનેજર

હતા. હું ત્યાં ગયો. તારીખ નક્કી થઈ. ઓરડો નક્કી થયો. તે બધું નક્કી થઈ ગયું. બીજે દિવસે સવારે જવાનું હતું.

પહેલાં તો દાક્તર બધા અચંબો પામ્યા, કે શા માટે આવું (ઇંદ્રિયનું ઑપરેશન કરાવવાનું) કરાવો છો ? એટલે પછી મેં અંગ્રેજીમાં ડૉક્ટરને બધું સમજાવ્યું કે આ કારણથી. ડૉક્ટર સમજી ગયા કે આ છોકરાની વાત બરોબર છે. અને પેલા મારા બાપુ સાથે હતા, તેમણે પણ કહ્યું કે આની વાત સાચી છે. મારે ઘેર મારી બે દીકરીઓ છે. એક બી.એ.માં ભણે છે, એક ઇન્ટરમાં ભણે છે, પણ અમારે તો પોતાને એક કુટુંબ છે. એટલે વાંધો નહિ, પણ આને ઘણાં કુટુંબો સાથે ભળવું છે. એટલે કહે છે કે આવું હોય તો સારું એટલે એ દાક્તર સહમત થયેલા. સારા સર્જન હતા. એ કહે કે તમારે કોઈ જાતનો વાંધો નહિ આવે. આ તો જરાકવારનું જ કામ છે. આમાં કાંઈ હાડકાં-બાડકાં હોતાં નથી. આ તો એ MUSCLES (સ્નાયુઓ) જ છે ખાલી. એને કાપી નાખીને એને અમે સાંધી દઈશું. અને પેશાબ જવા માટેનું કાણું રાખીશું. થોડો વખત નસની અંદર ટ્યૂબ રાખી મૂકીશું. એટલે તમારે પેશાબ જવામાં વાંધો ના આવે. અને દસબાર દિવસમાં તો તમે પાછા સાજા થઈ જશો. એ બધું નક્કી થઈ ગયેલું.

હવે, એ રાત્રે હું તો પ્રાર્થના વગેરે મારાં જે સાધન કર્યા કરતો તે કરતો હતો. બેઠો હતો ત્યાં એકદમ ફુરુરુરુ કરતાં જાણે પક્ષી ઊડીને પાસે આવીને ના બેસે ? એવી રીતે ગુરુમહારાજ આવ્યા. હું તો પગે લાગ્યો. આંખ ઉઘાડીને જોયું ઓ હો હો ! ગુરુમહારાજ ! હું પગે લાગ્યો. 'અરે પ્રભુ ! કેમ પધાર્યા ? કાલે મારે તો આવું કામ કરાવવાનું છે' તો તેઓ કહે કે એ શું સાલો

ઑપરેશન કરતો તો ! હું જ ઑપરેશન કરી દઉં. મેં કહ્યું કે કરો પ્રભુ ! તો તો હું બહુ રાજી થાઉં. મેં કહ્યું કે મારે બાપુને જણાવવું પડે. તો કહે બાપુને કે કોઈને જણાવાય નહિ. હું ઑપરેશન કરું છું. આ તને સરનામું આપું છું, ત્યાં તું જજે-હોસ્પિટલમાં. અને ત્યાં દવા કરજે. હું કહી રાખું છું. અને જો અત્યારે રાત્રિના ત્રણ વાગ્યા છે. એટલે ત્યાં દાક્તરને ત્યાં તું પાંચ વાગ્યે જજે. મેં પૂછ્યું કે એટલા બધા વહેલા એ ઊઠ્યા હશે ? તો કહે હા, મેં બધું કહી રાખ્યું છે. તે તને ખાતરી થશેને ? હવે, એમણે તો મોઢાથી ઑપરેશન કર્યું, લોહી તો પુષ્કળ નીકળ્યું. પછી કહે કે આ બધા ડૂચા-બૂચા છે તે તું રાખજે, બાંધી રાખજે. હવે, ત્રીજે દિવસે સિંધિયાની સ્ટીમરમાં તો મારે કરાંચીથી મુંબઈ જવાનું હતું. અમારે માટે સ્પેશિયલ કૅબિન હતી. એટલે ગુરુમહારાજ કહે કે જો, અધવચ્ચે દરિયામાં હું આવીશ, ત્યારે આ બધું લઈ જઈશ અને ત્યારે ચોખ્ખું થઈ ગયું હશે. ઘા-બા કંઈ નહિ દેખાય. જરાક, નહિ જેવો દેખાશે. તે સાહેબ હું તો સાચવીને લઈ ગયેલો. હું તો રાહ જોયા કરું. કહેલું એટલે આપણને ખાંખત રહેને ? પછી તો એ મધદરિયે આવ્યા અને એ બધું લઈ ગયા અને બધું ચોખ્ખું થઈ ગયેલું.

• • •

# ૪. પ્રભુકૃપાની પ્રસાદી

પણ ત્યારથી જાણે કે આ વ્રત પાકું થઈ ગયેલું, પણ ત્યાર પછી ભગવાનની કૃપાથી આ પ્રોસ્ટેટનું દર્દ થયુંને? એને લીધે ઈંદ્રિયને બહુ પંચાત થાય. મહીં મહીંથી તો હવે લોહી પણ પડે. હમણાં જ હું અમદાવાદ અરે, વડોદરા ગયો હતો. અંદર કુલડી કહેને કુલડીમાં ગાંઠ થઈ છે. તે ગાંઠ વાલથી પણ મોટી થઈ છે અને દુઃખતી નથી, પણ કઠણ છે. જ્યાંથી મળ નીકળે એની સરફેસ ઉપર પણ બે ગાંઠો થઈ છે. એક ચણા જેવડી છે અને એક મગ જેવડી છે. પહેલાં એ દુઃખતી ન હતી. હવે દુઃખે છે. એટલે હવે ત્યાં વડોદરામાં મોટા જાણીતા સર્જન છે. જેમ આપણે અહીં સુરતમાં ભટ્ટ સાહેબ હતા, એવા એ જાણીતા. એટલે મારી સાથે ઘણો સંબંધ-જેમ ડૉ. આર.કે. સાથેનો સંબંધ છે એવો જ સંબંધ. એના છોકરાનાં લગ્ન પણ મારા હાથે કરાવેલા. એટલે અહીંથી સુરતથી કાગળ લખેલો કે અમે અહીંથી મોટર દ્વારા નડિયાદ જઈએ છીએ, તે તમારે ત્યાં આટલા વાગ્યે આવીશું અને તરત જ મને જરા જોઈ લેજો. એટલે તે પછી હું આગળ જઈ શકું. અને અમે ગયા ત્યારે એ નવરા જ હતા. બીજા કોઈને એપોઈન્ટમેન્ટ આપેલી નહિ. એટલે તરત જ જોઈ લીધું પછી મને કહે, અલ્યા મોટા! આ તમારી પ્રોસ્ટેટ ગ્લેન્ડ તો બહુ વધી ગઈ છે. તમે કોઈ વખત બેભાન બની જશો. આનું તો તાત્કાલિક ઑપરેશન કરવું જોઈએ. આ તમને ગાંઠો છે તે તો મસાની છે-લોહી બાઝી ગયેલું છે, પણ તેનો કશો વાંધો નથી. આ કંઈ કેન્સર

બેન્સર છે નહિ. આ મસાની ગાંઠો બંધાઈ ગયેલી છે. અને એણે કહ્યું કે પ્રોસ્ટેટ છે તે બહુ પંચાત આપે.

મૂળ વાત ઉપર વર્ણવેલા પ્રસંગો એટલે મારા હેતુની હતી. હરિદ્વાર ગુરુમહારાજ પાસે જવાનો આ હેતુ હતો. ઉપરના પ્રસંગો એ મારી ચોપડીમાં મેં લખ્યું નથી. (મેં તો માત્ર એટલું જ લખેલું છે) કે સાધનામાં મને મુશ્કેલી ઘણી પડેલી. એ મુશ્કેલીનો ઉકેલ કાઢવા હું હરિદ્વારમાં ગુરુમહારાજ પાસે ગયેલો, પણ એનો મૂળ હેતુ આ હતો. તે બધું મેં તમને જણાવ્યું. હરિઃૐ તત્ સત્ *

(*ટેપ રેકૉર્ડેડ વાણીના આધારે)

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હ્દયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી
લેખકના બે બોલનું
સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧
અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥




કિંમત : રૂ. ૫/-